# જામનગર ચેમ્બર દ્વારા સાયબર સીક્યોરીટી વિશે માર્ગદર્શક સેમીનાર યોજાયો

## એડવોકેટ ગૌરવ પંડ્યા, રીતેશ નથવાણી રાજીવ વૈષ્ણવ દ્વારા સભ્યોને અપાયુ માર્ગદર્શન

**આજકાલ કાર્યાલય**

**જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. દ્વારા વ્યાપારીઓ તથા ઉદ્યોગકારોમાં ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (આઈપીઆર) તથા ટ્રેડ માર્ક અનેકોપીરાઈટ તથા હાલના સમયમાં થઈ રહેલ સાયબલ ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતતા આવે તેહેતુથી તા.૨૫-૧-૨૦૨૦ શનિવારના રોજ ચેમ્બર ખાતે આઈપીઆરના ફાયદા, હેતુઓ તથા તેના વ્યાપ અંગે તથાસાયબર સિકયોરીટી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમીનારમાં વકતા તરીકે ગૌરવભાઈ પંડયા, એડવોકેટની ટીમ દ્વારા ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (આઈપીઆર) બાબત ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને પેટન્ટ અંગે, લોગો ડીઝાઈન કરવા અંગે રિતેશભાઈ નથવાણી તથા રાજીવભાઈ વૈશ્નવ દ્વારા સાયબલ સિકયોરીટી અંગે રેન્સમવેર, મોબાઈલ સીકયોરીટી, કલાઉડ કોમ્પીટીંગના ટેકનીકલ પોઈન્ટ તથા લીગલ પોઈન્ટ વિશે માર્ગદર્શન આપેલ હતું.

આ સેમીનારમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ ઉપસ્થિત મહેમાનો તથા સર્વે સભ્યઓ, વિદ્યાર્થીઓ, વિગેરેનું સ્વાગત કરતા જણાવેલ કે આજના યુગમાં ડીઝીટલ ક્રાંતિ થઈરહેલ છે તેવાસંજોગોમાં સાયબલ ક્રાઈમ વધી ગયેલછે લોકોના બેન્ક ખાતા હેક થાયછે, ખાતામાંથી રૂપિયા ઉપડી જાયછે અને કોમ્પ્યુટર હેક કરવામાં આવે છે તે સંજોગોમાં લોકોમાં જાગૃતિ આવે અને આવા ગુના રોકાય તેમાટે ચેમ્બર દ્વારા સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. સેમીનારમાં ઉપસ્થિત મહેમાનઓનું સંસ્થાના હોદેદારઓએ બુક તથા મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ તથા આઈટી પેનલના સભ્ય સન્નીભાઈ ભાડલાવાળાએ સંસ્થાનો પરિચય આપેલ હતો. ગૌરવભાઈ પંડયા તથા રિતેશભાઈ નથવાણીનો પરિચય ડો. મેઘા પંડયાએ તથા રાજીવભાઈ વૈશ્વવનો પરિચય સંસ્થાના માનદમંત્રી અ તભાઈ વ્યાસે આપેલ. ત્યારબાદ રિતેશભાઈ નથવાણીએ લોગો શું છે તેની અગત્યતા તથા અનેમહત્વતા વિશે તથા લોગો કેવી રીતે બનાવવામાં આવે છે લોગોની ડીઝાઈન કરવાની રીત, લોગોથી કંપનીની એક અલગ ઓળખ ઉભી થાય છે આથી કંપનીના નામ તથા તેની પ્રોડકટસ અનુસાર લોગો ડીઝાઈન કરવા અંગે સમજણ આપેલ હતી ત્યારબાદ ગૌરવભાઈ પંડયા, એડવોકેટ આઈપીઆર ટ્રેડ માર્ક, કોપીરાઈટ પેટન્ટ બ્રાન્ડ શું છે તથા તેનાથી થતા ફાયદા વિશે સમજણ આપી હતી તથા રજીસ્ટ્રેશન બાબત છણાવટપુર્વક માર્ગદર્શન આપેલ હતું.

રાજીવભાઈ વૈશ્નવ, આઈટી એકસ્પર્ટે મોબાઈલમાં ફીંગર, પીનલોક, ડીવાઈઝ અપડેઈટ, કોમ્પ્યુટરનું બેકઅપ સમયસર લેવા વિશે, કોમ્પ્યુટરમાં અમુક વેબસાઈટ બ્લોક કરવા, પોનોગ્રાફી, ટેરેરીઝમ સાઈટ વિગેરે બ્લોક કરવા, સોશ્યલ એન્જીનીયરીંગ એટેક, ભીમ એપ યુપીઆઈ એપ્લીકેશનથી પૈસા ઉપડી જવા તથા કોમ્પ્યુટરમાં વાયરસ દાખલ કરીડેટા હેક કરી રેન્સમવેર બાબતો અંગે ખુબ જ વિસ્તૃત કરી માર્ગદર્શન આપી આવી સમસ્યાથી કેવી રીતે બચવું તથા મુશ્કેલીઓ દુર કરવા સમજણ આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માનદમંત્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ તેમજ કાર્યક્રમના અંતે સંસ્થાના માનદ સહમંત્રી કૃણાલભાઈ વી.શેઠે આભારદર્શન કરેલ.